# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧૭/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ‘આંત્રપ્રિન્યોરશિપ ૨૦૨૦’ વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ટાઇ– સુરતના સંયુકત ઉપક્રમે આજે બપોરે ૩:૦૦ કલાકે ‘આંત્રપ્રિન્યોરશિપ ૨૦૨૦’ વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઇનોવેશન્સ સોસાયટી એન્ડ કિર્લોસ્કર બ્રધર્સ લિમિટેડના પ્રેસિડેન્ટ સુશ્રી પ્રતિમા કિર્લોસ્કર, સિરીયલ આંત્રપ્રિન્યોર સુશ્રી વંદના પોરીયા અને અચિવીંગ વુમન આંત્રપ્રિન્યોર્સ અર્લી ગ્રોથ ફંડ્સના ડાયરેકટર સુશ્રી પ્રાચી જૈને ઉદ્યોગમાં નવું સાહસ કરવા માટે મહિલા ઉદ્યોગ સાહસિકોને મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ વેબીનારમાં સર્વેને આવકારી પ્રારંભિક ઉદ્બોધનમાં કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

સુશ્રી પ્રતિમા કિર્લોસ્કરે જણાવ્યુ હતુ કે, મહિલાઓમાં ઘણું કેલીબર છે. તેઓ ઘરમાં જુદા–જુદા પ્રકારની વાનગીઓ બનાવે છે. આથી પોતાની સ્પેશિયાલિટી મુજબ તેઓ જે વાનગીઓ બનાવે છે તેને બિઝનેસમાં કન્વર્ટ કરી શકે છે. મહિલાઓ મલ્ટીટાસ્ક કરી શકે છે એ બાબત લોકડાઉનની સ્થિતિમાં સામે આવી ગઇ છે. મહિલાઓ ઘરના કામની સાથે ઓફિસનું કામ પણ ઘરેથી અત્યારે સારી રીતે કરી રહી છે. મહિલાઓની કુશળતા સામે લાવવા માટેનો આ યોગ્ય સમય છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, મોટી કંપનીઓ એચઆર પોલિસી પ્રમાણે કામ કરતી હોય છે. ફાયનાન્સ અને એચઆરમાં તમારે પ્રોટોકોલનું પાલન કરવુ પડે છે. લોકડાઉન બાદ મેડીકલ ડિવાઇસિસની ટેસ્ટીંગ માટે ઘણી જરૂરિયાત ઉભી થશે. આથી આ સેકટરમાં ઘણી તકો ઉભી થશે. તેમણે ખૂબ જ સુંદર વિચાર રજૂ કર્યો હતો કે, ‘લર્નીંગ ઇઝ જર્ની, ઇટ્સ નોટ ડેસ્ટીનેશન.’

સુશ્રી પ્રાચી જૈને જણાવ્યુ હતુ કે, લોકડાઉનને કારણે ડિજીટલાઇઝેશનનો યુગ સામે આવી ગયો છે. કરિયાણા સ્ટોરમાંથી વસ્તુઓ મંગાવવા માટે લોકો ઓનલાઇનનો ઉપયોગ કરી રહયાં છે. મને લાગે છે કે હવે બધું જ ઓનલાઇન થઇ જશે. એજયુકેશન સિસ્ટમમાં પણ કોચિંગ કલાસિસ વિગેરે વર્ચ્યુઅલ થઇ જશે. ડિજીટલાઇઝેશન માટે આ ખૂબ જ મહત્વની તક છે. કોવિડ બાદ હેલ્થકેર, ફૂડ એન્ડ એગ્રી, ફાર્મા, ઇ–કોમર્સ, લોજીસ્ટીક એન્ડ એજયુકેશન સેકટરમાં તેજી આવશે. આથી સ્ટાર્ટઅપ્સ માટે આ પ્રાથમિક સેકટરો છે જેમાં તેઓ ઝંપલાવી શકે છે. તેમણે સુરતની મહિલા ઉદ્યોગ સાહસિકોને એ.ડબ્લ્યૂ.ઇ. ફંડ માટે કઇ રીતે એપ્રોચ કરી શકાય છે તે અંગે પણ માહિતી આપી હતી. તેમણે વધુમાં કહયુ હતુ કે, મહિલા ઘણી પ્રતિભાશાળી હોય છે પણ તેઓને તેમની પ્રતિભા બતાવવાની યોગ્ય તક મળતી નથી. જયારે તેઓને આ તક મળી જાય છે ત્યારે તે કયારેય પાછળ પડતી નથી.

સુશ્રી વંદના પોરીયાએ જણાવ્યુ હતુ કે, કોઇપણ મહિલા ઉદ્યોગ માટે સાહસ કરી શકે છે. એના માટે તેણે ઉચ્ચ શિક્ષણ લીધું હોય એવુ જરૂરી નથી. ઉદ્યોગમાં નવું સાહસ કરવા માટેની તકને તમે ઝડપી લેશો અને મહેનત કરશો તો તમે ઉદ્યોગમાં સફળ થઇ શકો છો. જો કે, અત્યારે કદાચ ઘણા લઘુ ઉદ્યોગો હાલમાં સર્વાઇવ નહીં કરી શકે. લોકડાઉન બાદ ઉદ્યોગોને વર્કીંગ કેપીટલની જરૂરિયાત ઉભી થવાની છે. પરંતુ હાલ બધાને મેન્ટલી સ્ટેબલ રહેવાની વધારે જરૂર છે. એના માટે તમે મેડીટેશન તથા જુદી–જુદી એકટીવિટી કરી શકો છો. સારી બાબતોમાં તમારા સમયને પસાર કરો. પોઝીટીવ માઇન્ડસેટ ખૂબ જ જરૂરી છે.

ટાઇ– સુરતના સુશ્રી સુરભી સકસેનાએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. જયારે સીએ ગૌરવ સિંઘવીએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી પૂર્વી મહેતાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.